**Gujarat Lease Financing Limited**

**(CIN - L65990GJ1983 PLC006345)**

G/L/F/L

6th Floor, Hasubhai Chambers,
Opp. Town Hall,
Ellisbridge,
Ahmedabad 380 006.
Ph. : 079-2657 5722 / 2657 5180
Fax : 079-2657 5180
E-mail : glflho_ahm@yahoo.co.in

**Date: 27th July, 2020**

| | |
|---|---|
| To,<br>Corporate Relationship Department<br>**BSE Limited**<br>14th Floor, P. J. Towers,<br>Dalal Street, Fort,<br>Mumbai-40000<br>**SCRIP CODE: 500174** | To,<br>Listing Department<br>**National Stock Exchange of India Limited**<br>"Exchange Plaza", C – 1, Block G,<br>Bandra- Kurla Complex, Bandra (East),<br>Mumbai - 400051<br>**SCRIP SYMBOL: GLFL** |

Dear Sir/Madam,

**Sub : Newspaper publications of Audited Financial Results for the quarter and year ended on 31st March, 2020 under Regulation 47(1) read with Regulation 33 of SEBI(LODR) Regulations, 2015 ("Listing Regulations"**

In compliance with the regulation 47(1) read with regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we enclose herewith the newspaper advertisements published in Western Times (English and Gujarati) Edition on 27th July, 2020 in respect of the Audited Financial Results for the quarter and year ended on 31st Marh,2020 duly approved by the Board of Directors at their meeting held on 25th July, 2020.

We request you to take this on record.

Thanking you,

Yours faithfully,

**For Gujarat Lease Financing Limited**

K. P. Patel

**Kamlesh Patel**
**Company Secretary**

GUJARAT LEASE FINANCING LTD. A'bad.

# Gem, jewellery exports dip 34.72 pc in June: GJEPC

**New Delhi:** The country's gem and jewellery exports contracted by 34.72 per cent to USD 1.64 billion (around Rs 12,333 crore) due to dip in global demand on account of the COVID-19 pandemic, according to the Gems and Jewellery Export Promotion Council (GJEPC). The exports stood at USD 2.52 billion (around Rs 18,951 crore) in June last year.

The labour-intensive sector contributes about 15 per cent of the country's overall exports.

There has been a steady decline in exports as the demand has been going down following global economic slowdown and several restrictions in many countries to curb the spread of Covid-19 pandemic. However, we are seeing demand picking up in China, Europe and Australia, GJEPC chairman Colin Shah told.

During April-June this fiscal, the exports dipped by 54.79 per cent to USD 2.75 billion as against USD 6.07 billion in the same period last year.

The decline in shipments is mainly due to negative growth in the export of gold jewellery, and coloured gemstones.

As per the data, gold jewellery exports during the first quarter of 2020-21 declined by 79 per cent to USD 321.24 million.

Similarly, outbound shipments of coloured gemstones contracted 80.56 per cent in the last fiscal.

But, exports of silver jewellery grew to USD 324.59 million during the period from USD 168 million in April-June 2019-20.

India's main export destinations are the US, Europe, Japan and China. America accounts for about one-fourth of the country's total gems and jewellery exports during the quarter, imports of gems and jewellery declined by 74.81 per cent USD 915.14 million.

# Not single block of 48 working mines begins operation after 4 months: FIMI

**New Delhi:** Not a single mine has started operations even after four months of auction and handover of 48 working mines to new allottees, resulting in unemployment of workers in the present difficult times, mining sector body FIMI has claimed.

The mining leases of these 48 mines expired in March.

FIMI Secretary General R K Sharma said, We had brought out that as a result of the mines expiring on March 31, 2020, there will be a loss of 2,64,000 jobs. The mines were duly auctioned and the possession has already been handed over to the new allottees. So far, even after four months, not a single mine has started operation.

Sharma said that it will take some more time for these mines to be operational as most of the allottees who have made unsustainably high bids are now taking time to commence operations.

As a result, the unemployed workers, engaged directly and indirectly, continue to be on the road during the present difficult time, he said.

In the letter, the Federation of Indian Mineral Industries (FIMI) also drew the attention of the government towards the Centre's proposal to repeal Section 10A(2)(b) from the MMDR Act, 1957.

Sharma said that if the particular section of MMDR was not repealed and the existing concessionaires were allowed to convert their reconnaissance permit (RP) to prospecting licence (PL) and PL to mining lease (ML) and there will be additional job creation through these 572 concessions 179 PL and 393 ML.

There are three kinds of mineral concessions RP, PL and mining lease. RP is granted for preliminary prospecting of a mineral through regional, aerial, geophysical or geochemical surveys and geological mapping. Prospecting licence is granted for undertaking operations for the purpose of exploring, locating or proving mineral deposit. A prospecting licence holder has preferential right to obtain mining lease in the area concerned. Taking an average of 100 employees per mine in the initial stage, there will be an employment generation of 39,300 jobs directly, Sharma said. Since the ratio of direct to indirect employment in mining sector is 1:10, the total employment generation will be 4,32,000 jobs 39,300 direct and 3,93,000 indirect employment, he added. We therefore request that the repealing of Section 10(A)(2)(b) may not be pursued and the existing concession holders be allowed to convert their RP into PL and PL into ML, he said.

## BIZ NEWS IN NUTSHELL

### Alcohol-based hand sanitizers attract 18% GST:Goa AAR

**Chennai:** The Authority for Advance Ruling (AAR) has said that a GST of 18 per cent will be levied on all alcohol-based hand sanitisers.

Springfield India Distilleries had approached the Goa-bench of AAR to seek classification of hand sanitisers supplied by the company, and contended that the product is taxed at 12 per cent.

It also sought to know if sanitisers would be exempt from GST since it is now an essential commodity. The AAR, in its ruling, said since hand sanitisers manufactured by the applicant are of the category of 'alcohol-based hand sanitisers', a 18 per cent GST would be applicable.

The authority further said that although the ministry of consumer affairs has classified hand sanitisers as an essential commodity, the GST law has a separate list of exempted goods. EY Tax Partner Abhishek Jain said the ruling is aligned to the view taken by GST authorities as well of a rate of 18 per cent being applicable on hand sanitisers. Jain said the classifi-

## Railways increase focus on freight business through BDU initiatives

**New Delhi:** At the behest of Railway Board each zonal Railway has set up Business Development Units to focus on increasing the share of Freight traffic through Railways.

In this regard Divisional Railway Managers, Firozpur and Moradabad and their team of officers held separate meetings via video conferencing with Freight customers dealing with commodities like foodgrain, fertilizer, cement, sugar, food processing, yarn & textiles, paper and FMCG supply chain.

Most of these industries are located in the Northern region of the country and are serviced by Firozpur and Moradabad Divisions of Northern Railway.

# Biocon to launch drug for COVID-19 patients: Mazumdar-Shaw

**New Delhi:** Biotechnology major Biocon said it will launch biologic drug Itolizumab for the treatment of moderate to severe COVID-19 patients at a price of around 8,000 per vial. The company has received approval from the Drugs Controller General of India (DCGI) to market Itolizumab injection 25mg/5mL solution for emergency use in India for the treatment of cytokine release syndrome in moderate to severe acute respiratory distress syndrome (ARDS) due to COVID-19. Itolizumab is the first novel biologic therapy to be approved anywhere in the world for treating patients with moderate to severe COVID-19 complications, Biocon had earlier said in a regulatory filing. Until the vaccine comes, we certainly need life saving drugs. I think what we are doing across the world is to see how we can either repurpose drugs or develop new drugs to treat this pandemic, Biocon Executive Chairperson Kiran Mazumdar-Shaw said in a virtual press conference.

Even if we get a vaccine by the end of this year or early next year, there is no guarantee that there will not be reinfection, there is no guarantee that it will work the way we expect it to work, so we must be in a state of preparedness, she added. When COVID happened, we said it actually gives us a very strong case to try it (Itolizumab) for COVID, because we do believe that the unique mechanism of action that it has can help us deal with this storm.


**Disclaimer**

Adverstisement appeared in this News Paper have not been verified factually and "WESTERNTIMES" does not stand responsible for the sales proposition.



**WESTERN RAILWAY - AHMEDABAD DIVISION**

**HIRING OF FOUR AIR-CONDITIONED AMBULANCES**

**Tender No.** DRM/MD/ADI/2/AMB (2020-21), **(1) Name of work:** Hiring of Four Air-conditioned Ambulances make FORCE Traveller or similar, for Divisional Railway hospital Sabarmati, Sub Divisional Railway hospital Gandhidham & Heath Unit-Ahmedabad for the period of three years. **(2) Estimated Cost of work:** ₹ 1,46,59,200/- (Rupees One Crore Forty Six Lakh Fifty Nine Thousand Two Hundred Only) **(3) EMD:** 2,23,300/- (Rupees Two Lakhs Twenty Three Thousand Three Hundred Only) **(4) Completion Period:** 36 (Thirty-six) months. **(5) Date & Time of Submission and Opening of Tender:** Submission upto 15:00 hrs 21-08-2020 Opening same day at 15:30 hrs. **(6) Website:** www.ireps.gov.in

ADI-072

Follow us on: twitter.com/WesternRly



**Public Notice**

Hereby, this is to notify that from 19-02-2020 Mr. Dhimant Arvindbhai Patel who held a 14% stake in Parkview Infrastructure has voluntarily retired and has given up his stake in the partnership firm. Parkview Infrastructure henceforth does not have any payables or receivables outstanding with Mr. Dhimant Arvindbhai Patel. If any person or entity has any outstanding receivables from Mr. Dhimant Arvindbhai Patel please take note that Parkview Infrastructure has no liability for any personal dealings of Mr. Dhimant Arvindbhai Patel.

**On behalf of Parkview Infrastructure**
**Mittalbhai Patel (M) 8200558868**


**GUJARAT LEASE FINANCING LTD.**

**(CIN: L65990GJ1983PLC006345)**

**Regd. Office: 6th Floor, Hasubhai Chambers, Opp: Town Hall, Ellisbridge Ahmedabad-380 006.**
**Ph: 079-26575722, E-mail: glflho_ahm@yahoo.co.in, Website: www.gujaratleasefinancing.co.in**

**Audited Financial Results for the Quarter and Year ended on 31st March, 2020**

(₹ in Lacs except per share data)

| Sl. No. | Particulars | Quarter ended 31.03.2020 | Quarter ended 31.12.2019 | Quarter ended 31.03.2019 | Year ended 31.03.2020 | Year endad 31.03.2019 |
|---|---|---|---|---|---|---|
| | | (Audited) | (Un-audited) | (Audited) | (Audited) | (Audited) |
| 1. | Total Income | 56.63 | 25.11 | 1.13 | 96.06 | 24.44 |
| 2. | Net Profit/(Loss)for the period (before Tax and Extraordinary items) | 31.87 | 19.35 | (17.33) | 37.13 | (34.93) |
| 3. | Net Profit/(Loss)for the period (after Tax and Extraordinary items) | 31.87 | 19.35 | (20.80) | 37.20 | (38.40) |
| 4. | Total Comprehensive Income for the period (after tax) | (102.69) | 26.81 | 132.53 | (47.94) | 114.93 |
| 5. | Equity Share Capital | 2712.58 | 2712.58 | 2712.58 | 2712.58 | 2712.58 |
| 6. | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of the previous year) | | | | (3386.03) | (3338.09) |
| 7. | Earning Per Share (of ₹ 10/- each) Basic and Diluted | 0.12 | 0.07 | (0.08) | 0.14 | (0.14) |

**Notes:**

1. The above is an extract of the detailed financial results for the quarter and Year ended 31st March, 2020 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015. The full format of the same, along with the notes is available on the Stock Exchanges website at www.bseindia.com and www.nseindia.com and on company's website: www.gujaratleasefinancing.co.in.
2. The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on 25th July, 2020.

**For Gujarat Lease Financing Limited**

Place : Ahmedabad
Date : 25th July, 2020

**Harnish Patel**
**Director-In-Charge**
**DIN: 00114198**


A H M E D A B A D * M A R K E T * G U I D E

























**૨૦૧૯-૨૦માં**

# ૧૮ સરકારી બેંકો દ્વારા કુલ ૧,૪૮, ૪૨૮ કરોડની છેતરપિંડીના ૧૨, ૪૬૧ કેસ સામે આવ્યા

**મુંબઇ,**
ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલી જાણકારીથી ગત વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૮ સરકારી બેંકો દ્વારા કુલ ૧,૪૮, ૪૨૮ કરોડની છેતરપિંડીના ૧૨, ૪૬૧ કેસ સામે આવ્યા છે. આરીટીઆઈ, માહિતી અધિકાર એક્ટિવિસ્ટ ચંદ્રશેખર ગૌડે પીટીઆઈને જણાવ્યું કે આરબીઆઈએ તેમને આરટીઆઈ હેઠળ આ માહિતી આપી છે.

રિઝર્વ બેંક તરફથી આરટીઆઈ હેઠળ મળેલી માહિતીમાં છેતરપિંડીના કેસની પ્રકૃતિ અને છેતરપિંડીનો શિકાર તત્કાલીન ૧૮ સરકારી બેંકો અથવા તેમના ગ્રાહકોને થયેલા નુકશાનનું વિશિષ્ટ વિવરણ આપવામા આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષોમાં તબક્કાવારના એકીકરણથી હાલમાં૧૨ સરકારી બેંકો બચી છે.

ગત વર્ષમાં સૌથી વધારે ભોગ મુખ્ય સરકારી બેંક એસબીઆઈ એટલે કે ભારતીય સ્ટેટ બેંક બની છે. આ સમય દરમિયાન એસબીઆઈમાં ૪૪,૬૧૨.૯૩ કરોડ રુપિયાની છેતરપિંડી થઈ છે.જે સાથે સંકળાયેલા ૬,૯૬૪ કેસ દાખલ કરવામાં આવ્યા છે. આ રકમ ગત વર્ષ દરમિયાન ૧૮ સરકારી બેંકોમાં થયેલી છેતરપિંડીની રકમના ૩૦ ટકા છે.

પંજાબ નેશનલ બેંક દ્વારા એપ્રિલ ૨૦૧૯થી ૩૧ માર્ચ ૨૦૨૦ દરમિયાન ૩૯૫ કેસ નોંધાયા હતા. જેમાં ૧૫, ૩૫૪ કરોડની છેતરપિંડી થઈ હતી. ત્રીજા નંબરે બેંક ઓફ બરોડા છે જેમાં ૩૪૯ કેસ સાથે ૧૨,૫૮૬.૬૮ કરોડની છેતરપિંડી થઈ છે. ઉલ્લેખનીય છે કે બેંક ઓફ બરોડામાં વિજયા બેંક અને દેના બેંકનું મર્જર ૧ એપ્રિલ ૨૦૧૯માં થયું.

આ સમય દરમિયાન યૂનિયન બેંક ઓફ ઈન્ડિયામાં ૪૨૪ કેસમાં ૯,૩૧૬.૮૦ કરોડ, બેંક ઓફ ઈન્ડિયાના ૨૦૦ કેસમાં ૮,૦૬૯.૧૪ કરોડ, કેનરા બેંકમાં ૨૦૮ કેસમાં ૭,૫૧૯.૩૦કરોડ, ઈન્ડિયાન ઓવર્સીજ બેંકના ૨૦૭ કેસમાં ૭,૨૭૫.૪૮ કરોડ, અલ્હાબાદ બેંકના ૮૯૬ કેસમાં ૬,૯૭૩.૯૦ કરોડ અને યૂકો બેંકના ૧૧૯ કેસમાં ૫,૩૮૪.૫૩ કરોડનું ફ્રોડ થયું છે.

૧ એપ્રિલ ૨૦૧૯થી ૩૧ માર્ચ ૨૦૨૦ના સમય દરમિયાન ઓરિયન્ટલ બેંક ઓફ કોમર્સના ૩૨૯ કેસમાં ૫,૩૪૦.૮૭ કરોડ, સિન્ડિકેટ બેંકના ૪૩૮ કેસમાં ૪,૯૯૯.૦૩ કરોડ, કોર્પોરેશન બેંકના ૧૨૫ કેસમાં ૪,૮૧૬.૬૦ કરોડ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ૯૦૦ કેસમાં ૩,૯૯૩.૮૨ કરોડ, આંધ્રા બેંકમાં ૧૧૫ કેસમાં ૩,૪૬૨.૩૨ કરોડ, બેંક ઓફ મહારાષ્ટ્રના ૪૧૩ કેસમાં ૩,૩૯૧.૧૩ કરોડ રુપિયા, યૂનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાના ૮૭ કેસમાં ૨,૬૭૯.૭૨ કરોડ, ઈન્ડિયન બેંકના ૨૨૫ કેસમાં ૨,૨૫૪.૧૧ કરોડ તથા પંજાબ અને સિંધ બેંકના ૬૭ કેસમાં ૩૯૭. ૨૮ કરોડ રુપિયાની છેતરપિંડી થયાની માહિતી આરબીઆઈએ આપી હતી.

**દેશ એક કાયદા અનેકઃ ગુનો સમાન દંડ જુદા**

# માસ્ક નહીં પહેરવા મામલે અલગ-અલગ દંડ વસૂલાય છે

**નવી દિલ્હી,**
કોરોના વાયરસના વધતા કેસોના કારણે ઝારખંડ સરકારે માસ્ક નહીં પહેરવાને લઈને એવા નિર્ણય લીધો છે, જેના કારણે માસ્ક ન પહેરવાની ભૂલ કોઈ ભાગ્યે જ કરશે. ઝારખંડ સરકારે કોરોનાથી બચવા માટે નિયમોની અવગણના કરનાર અને માસ્ક નહીં પહેરનાર પર એક લાખ રુપિયાનો દંડ ફટકારવાનો નિર્ણય કર્યો છે. ફક્ત એક લાખનો દંડ જ નહીં પરંતુ બે વર્ષની જેલની સજા પણ થઈ શકે છે. ઝારખંડ કેબિનેટને ચેપી રોગ વટહુકમ ૨૦૨૦ને પસાર કરવાનો નિર્ણય કર્યો છે. હવે ઝારખંડની સાથે-સાથે દેશભરના રાજ્યોમાં માસ્ક ન લગાવવા અને કોરોના નિયમોના ભંગ બદલ કઈ કઈ સજા મળી શકે છે, તો ઉત્તરપ્રદેશ સરકારે પણ તાજેતરમાં માસ્ક નહીં પહેરવા બદલ દંડની રકમ વધારી દીધી છે. ઉત્તરપ્રદેશ સરકારે એક નોટિફિકેશન જાહેર કર્યું છે, જેમાં સાર્વજનિક રીતે માસ્ક નહીં પહેરવા પર દંડની રકમ ૧૦૦ રુપિયાથી વધારીને ૫૦૦ રુપિયા કરી દીધી છે. જ્યારે દિલ્હાં માસ્ક નહીં પહેરવા પર છેલ્લા ત્રણ મહિનામાં પોલીસે ૨.૪ કરોડ રુપિયાનો દંડ વસૂલ્યો છે. દિલ્હીમાં માસ્ક નહી પહેરવા પર ૨૦૦ થી ૧૦૦૦ રુપિયા સુધીનો દંડ છે. સાથે જ માસ્ક નહીં પહેરવા કે નિયમોના ભંગ કરવાથી જેલની સજા થઈ શકે છે. અહીંયા માસ્ક નહીં પહેરનારને ૬ મહિના સુધી જેલની સજા કરવાનું નક્કી કરાયું છે.

બિહારમાં જો કોઈ ફેસ માસ્ક વગર દેખાશે તો તેને ૫૦ રુપિયાનો દંડ થશે. હેલ્થ ડિપાર્ટમેન્ટે બિહાર એપિડેમિક કોવિડ-૧૯ મેન્યુઅલ ૨૦૨૦માં ફેરફાર કરતા માસ્ક નહીં પહેરનાર પર ૫૦ રુપિયા ફાઈન લગાવવાનો ઓર્ડર કર્યો છે. જોકે, દંડ વસૂલ્યા બાદ વિનામૂલ્યે બે માસ્ક અપાશે. આ ઉપરાંત ગુજરાતના અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશને જાહેર સ્થળો પર માસ્ક નહીં પહેરવા અને થૂંકવા પર દંડ ૨૦૦ રુપિયાથી વધારીને ૫૦૦ રુપિયા કરી દીધો છે. એટલું જ નહીં મ્યુનિસિપલ કોર્પોરેશને જાહેરાત પણ કરી છે કે જો આસપાસના ક્ષેત્રોમાં લોકો પાનની પીચકારી મારે તો પાનના દુકાનદારને ૧૦૦૦૦ રુપિયાનો દંડ ફટકારાશે. સુરત શહેરની મહાનગરપાલિકાએ જાહેર સ્થળોએ માસ્ક નહીં પહેરનારને ૧૦૦ રુપિયાનો દંડ ફટકારવાનો નિર્ણય કર્યો છે. જ્યારે હરિયાણામાં જાહેર સ્થળો પર માસ્ક નહીં પહેરનાર કે થૂંકતા પકડાય છે તો ઘટનાસ્થળે ૫૦૦ રુપિયાનો દંડ ભરવા તૈયાર રહેવું પડશે. દિલ્હીની જેમ કેરળ પણ પહેલા એ લોકોને દંડિત કરી રહ્યું છે જે સાર્વજનિક રીતે માસ્ક પહેરતા નથી.

કેરળમાં નિયમોના અનુસાર પહેલીવાર માસ્ક વગર પકડાય તો ૨૦૦ રુપિયાનો દંડ વસૂલાય છે. પરંતુ બીજી વાર માસ્ક વગર કોઈ પકડાય તો દંડની રકમ ૫૦૦૦ રુપિયા કરી દેવાઈ છે. આ સાથે જ સાર્વજનિક જગ્યા પર થૂંકવા પર ૧૦૦૦ રુપિયાનો દંડ આપવો પડશે. ટૂંકમાં કોરોના વાયરસ મહામારી પ્રસારને રોકવા બનાવેલા નિયમોનો ભંગ કરવા બદલ દરેક રાજ્યમાં દંડની રકમ અલગ-અલગ છે.

# કામદાર પિતાએ દીકરીના લગ્ન માટે બેંકમાં મૂકેલા ૧ લાખ ઠગે ઉપાડી લીધા

**સુરત,**
સુરતમાં દરોજ અનેક લોકો ઓનલાઈન ઠગાઈના શિકાર બનતા હોય છે અથવા તેમના બેક્ર ખાતામાંથી રૂપિયા ઉપડી જવાની અનેક ફરિયાદ સામે આવતી હોય છે. ત્યારે પાંડેસરાના મિલ કામદારે દીકરીના લગ્ન માટે બેંકમાં ભેગી કરેલી રકમ કોઈ ભેજાબાજે એટીએમ કાર્ડ ક્લોન કરી ઉપાડી લેતા બાપની હાલત કફોડી બની છે. ૯૦ દિવસમાં રકમ પાછી આવવાની બેંકે આપેલી હૈયાધરપત બાદ હવે બેંકના સ્ટાફે પણ હાથ ઊંચા કરી દીધા હતા આખરે આ મામલે ફરિયાદ બાદ છ મહિના પછી પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. મૂળ બિહારના વતની અને રોજી રોટી માટે સુરત ના પાંડેસરામાં ઈશ્વરનગરમાં રહેતા અને પાંડેસરા જીઆઈડીસીની મિલમાં નોકરી કરતા કમલેશભાઈ વર્માનું પાંડેસરા પિયુષ પોઈન્ટ પાસે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખામાં ખાતું છે. ૨૮મી જાન્યુ.-૨૦ સાંજે અલથાણ વીઆઈપી રોડ એસબીઆઈ બેંકના એટીએમમાંથી ૫ હજારની રકમ ઉપાડી હતી. તે તાતકાલિક આ મામલે પોલીસ અને એસબીઆઈના બેંક મેનેજરે કમલેશ વર્માને અરજી આપવાની વાત કરી હતી. આથી તેઓ બેંકમાં અરજી આપતા બેંક મેનેજરે ૯૦ દિવસમાં રૂપિયા પરત આવી જશે એવી હૈયાધરપત આપી હતી. ૯૦ દિવસમાં રૂપિયા ન આપી બેંકના સ્ટાફે હાથ ઊંચા કરી દીધા હતા. દીકરીના લગ્ન માટે આ રકમ ભેગી કરેલી હતી અને થોડા સમયમાં લગ્ન લેવાના હતા. એક લાખની રકમ ખાતામાંથી ઉપડી જતા બાપને દીકરીના લગ્ન કેવી રીતે કરવા તેનો પશ્ન સતાવી રહ્યો છે જોકે પોતાના મહેનત ના રૂપિયા મેળવા માટે આ પિતા સતત પોલીસ ના પણ ચાકર કાપતા હતા જોકે બનાવ બન્યાના ૬ મહિના બાદ પોલીસે કામદાર પિતાની ફરિયાદ ના આધારે ગુનો નોંધી આ મામલે તપાસ શરુ કરી છે. જોકે ઓનલાઈન અને આવાવી ઠગાઈ ની સસતત બનાવો સુરત માં બને છે પણ ૬ મહિના લાગ્યા આ મામલે ફરિયાદ કરતા અને હવે પોલીસ તપાસ શરુ કરી છે ત્યારે આ કામદાર પિતાને ક્યારે ન્યાય મળે તે જોવાનું રહ્યુ. પણ પોલીસ એ પણ ૬ મહિલા લગાવ્યા આવી ફરિયાદ ગુનો દાખલ કરતા ત્યારે બેક્ર સાથે પોલીસની કામગીરી પર પણ અનેંક સવાલ ઉભા થયા છે.

# વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને વિશ્વાસ, કોરોના સામે જંગમાં ભારત જીતી શકે છે

**જિનેવા,**
કોરોના વાયરસ સામે જંગમાં ભારતના પ્રદર્શને અમેરિકા સહિત દુનિયાના ઘણા દેશોને પ્રભાવિત કર્યા છે. ત્યારે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને પણ મહામારી સામેની જંગમાં ભારતની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ગુરૂવારના કહ્યું કે, સંયુક્ત રાષ્ટ અમેરિકા, બ્રાઝિલ અને ભારત જ્યાં કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. હજુ પણ મહામારીને હરાવી ટોચ પર પહોંચવાની ક્ષમતા રાખે છે. ડબ્લ્યુએચઓના ઈમરજન્સી પ્રોગ્રામના પ્રમુખ ડો. માઈક રયાનએ કહ્યું કે, ભારત, અમેરિકા અને બ્રાઝિલ શક્તિશાળી, સક્ષમ, લોકતાંત્રિક દેશ છે. જેમની પાસે આ બીમારીનો સામનો કરવા માટે જબરદસ્ત આંતરિક ક્ષમતા છે.

અમેરિકા દુનિયામાં સૌથી વધારે કોરોના પ્રભાવિત દેશ છે. બીજા નંબર પર બ્રાઝિલ છે અને ત્યારબાદ ભારતનો નંબર આવે છે. રોયટર્સ ટેલીના જણાવ્યા અનુસાર, અમેરિકામાં કોરોના વાયરસના કેસ ગુરૂવાર સુધીમાં ૪ મિલિયનથી વધારે થઈ ગયા છે. અહીં દર કલાકે સરેરાશ ૨૬૦૦થી વધુ નવા કેસ નોંધાઈ રહ્યાં છે. હાલમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે પણ કોરોના સામેની જંગમાં ભારતની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, વ્યાપક સ્તર પર ટેસ્ટિંગના મામલે અમેરિકા બાદ ભારતનો નંબર આવે છે.

આમ તો, આ પહેલા પણ ડબ્લ્યુએચઓ ભારતના પ્રયત્નોની પ્રશંસા કરી છે. થોડા સમય પહેલા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન તરફથી કહેવામાં આવ્યું હતું કે, ભારત શરૂઆતથી જ કોવિડ-૧૯ને લઈને તૈયાર રહ્યું છે અને કાર્યવાહી કરી રહ્યું છે. તેઓ ટેસ્ટ ક્ષમતાઓમાં વધારો કરવા, વધારે હોસ્પિટલ તૈયાર કરવા, દવાઓ અને જરૂરીયાતની વસ્તુઓના સ્ટોરની વ્યવસ્થા કરવા જેવી તૈયારીઓ અને જવાબી ઉપાયોને સતત મજબૂત બનાવી રહ્યાં છે.

માઈક રયાને પણ કહ્યું હતું કે, કોરોનાના ફેલાવ પર રોક લગાવવા માટે ભારતે તેમની આક્રામક કાર્યવાહી ચાલુ રાખવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, આ ખુબજ મહત્વપૂર્ણ છે કે, ભારત સાર્વજનિક સ્વાસ્થ્ય સ્તર પર તેમની આક્રામક કાર્યવાહી ચાલુ રાખે. ભારતે સાઈલેન્ટ કિલર કહેવામાં આવતી ચિકન પોક્સ અને પોલિઓ જેવી બે ગંભીર બીમારીઓને નાબૂદ કરવામાં વિશ્વનું નેતૃત્વ કર્યું છે. તેમનામાં જબરદસ્ત ક્ષમતા છે. તમામ દેશોમાં આવી ક્ષમતા હોવી જોઈએ કે, તેઓ તેમના સમુદાય અને નાગરિક સમાજને એકત્ર કરી શકે.



સાબરકાંઠા જિલ્લામાં આજરોજ વિજયનગરના દંતોડ ગામે કણાદર જિલ્લા પંચાયતની બેઠકના કાર્યકર્તાઓ દ્વારા સાંસદ રમીલાબેન બારાનો સન્માન સમારોહ યોજાયો હતો આ સમારોહમાં સન્માનનો પ્રત્યુત્તર આપતાં સાંસદ રમીલાબેનપોતાને આ રાજ્ય સભામાં જવાનું જે અહોભાગ્ય સાંપડ્યું એને આ વિસ્તાર અને જિલ્લાની જનતાના આશીર્વાદઅનેપુણ્ય ગણાવીને ગદગદિત થઈને સૌનાપ્રત્યે આ સન્માન માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી .આ સન્માન શુભેચ્છા સમારોહમાં વિજયનગર તાલુકા ભાજપના પ્રમુખ મયુરભાઈ શાહ, મહામંત્રી માવજીભાઈ ડામોર ,પાર્ટી ઉપપ્રમુખ મોતીલાલ કોટવાલ, ઉપપ્રમુખ પરીક્ષિત ડામોર અને કણાદર જિલ્લા પંચાયત સીટના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા .હતા.
**(તસ્વીરઃ- બકોર પટેલ, મોડાસા)**

# ભાઈને એટેક આવ્યો બીજા ભાઈનો પરિવાર મદદ માટે પહોંચ્યોને ઘરે તસ્કરો ત્રાટક્યા

## વાંકાનેર ગામે બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા ,રૂપિયા અને બાઈક લઈ રફુચક્કર

**(પ્રતિનિધિ) ભિલોડા,**
અનલોક થયા બાદ ચોર લૂંટારુઓ પણ ચોરી,તસ્કરીની ઘટનાને અંજામ આપવા સક્રિય થયા છે.લોકડાઉનમાં ચોરી,લૂંટની ઘટનાઓને લાગેલી બ્રેક લાગી હતી પરંતુ તસ્કરોએ પણ હવે સક્રિય થતા પોલીસને ચેલેન્જ આપી રહ્યા છે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામે બંધ મકાનમા તસ્કરો ત્રાટકી ઘરમાં રહેલી રોકડ રકમ,મોબાઈલ અને બાઈક સહીત ૮૪ હજાર રૂપિયાના મુદ્દામાલની ચોરી થતા ભારે ચકચાર મચી હતી ભિલોડા પોલીસને ઘર માલિકે ઘરમાં ધાડ પડી હોવાની જાણ કરતાં તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી રાબેતા મુજબ કાર્યવાહી હાથધરી હતી. ભિલોડા તાલુકાના વાંકાનેર ગામે રહેતા વિનોદકુમાર મણીલાલ પાંચલના ગામમાં જ રહેતા ભાઈ નરેન્દ્ર પંચાલને રાત્રીના સુમારે હૃદયરોગનો હુમલો આવતા ઢળી પડ્યાની જાણ વિનોદભાઈ અને તેમનો પરિવારને થતા વિનોદ ભાઈ અને તેમનો પરિવાર ઘર બંધ કરી તાબડતોડ ભાઈને સારવાર અર્થે દવાખાને લઈ જતા આ તકનો લાભ લઈ તસ્કરો ત્રાટકી બંધ ઘરનો નકુચો તોડી ઘરમાં રહેલી તિજોરીમાં રાખેલ ૫૫ હજાર રૂપિયા રોકડ અને મોબાઈલ તેમજ ઘર આગળ પાર્ક કરેલી બાઈક મળી કુલ.રૂ.૮૪ હજારના મુદ્દામાલની ચોરી કરી થઈ જતા ભારે ચકચાર મચી હતી ભાઈની સારવારમાં રહેલા ભાઈના ઘરે તસ્કરો ત્રાટકી ચોરો હજ્જારો રૂપિયાની ચોરી કરી ફરાર થઈ જતા લોકોમાં પણ ફફડાટ ફેલાયો હતો ભિલોડા પોલીસ ચોરીની ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તસ્કરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.★

**સૈન્ય-રાષ્ટ્રહિત સંલગ્ન ચિંતાને આધારે નિર્ણય લેવાયો**

# લદાખ : ચીન સાથે તણાવ વચ્ચે ભારતે વેપારના નિયમો બદલ્યા

**નવી દિલ્હી,**
ભારતે પડોશી દેશો સાથે વ્યાપારન લઈને નવા નિયમો જાહેર કર્યા છે. આ નવા નિયમો હેઠળ ભારતની સાથે જમીની સરહદ ધરાવતા દેશોની કંપનીઓ માટે પણ કેટલીક શરતો રાખી છે. આ નિર્ણય સૈન્ય અને રાષ્ટ્રહિત સંલગ્ન ચિંતાઓને આધાર પર લેવામાં આવ્યો છે. ભારતના આ પગલાંથી ચીની કંપનીઓ પર મોટો પ્રભાવ પડશે. આ પગલાંને ચીનની વિરુદ્ધ ભારત તરફથી આર્થિક મોરચે લેવાયેલા નવા પગલાંના રુપમાં દેખવામાં આવી રહ્યું છે. ૧૫ જૂનની રાત્રે ભારત અને ચીની સૈનિક વચ્ચે લદાખની ગલવાન ખીણાં ભારે જૂથ અથડામણ થઈ હતી, જેમાં ભારતના ૨૦ સૈનિકો શહિદ થયા હતા, ત્યારબાદથી ભારતે કૂટનીતિક અને આર્થિક સ્તર પર ચીનની વિરુદ્ધ નવા પગલાં ભર્યા છે. આ અંતર્ગત વાતચીત થકી ભારતે વિસ્તારમાં તણાવ ઓછો કરવા માટે બંને પક્ષોની યથાસ્થિતિ વાળી જૂની જગ્યા પર જવા કહ્યું હતું. જોકે, અહેવાલ આવ્યા છે કે પાછળ હટવા છતાં હજુ મોટી સંખ્યામાં ચીની સૈનિકો હજુ પણ લદાખના કેટલાક વિસ્તારમાં ઉપસ્થિત છે. આ અહેવાલોની વચ્ચે ભારતે ચીની કંપનીઓ માટે નવો વેપાર પ્રતિબંધ લાવ્યો છે. ભારત સરકાર તરફથી જાહેર કરાયેલા નિવેદનમાં કહેવાયું છે કે, એવા પડોશી દેશો, જેમની સીમા ભારતને અડી છે, આ દેશોની કંપનીઓ ભારતમાં ત્યારે જ પૈસા લગાવી શકશે, જો એ સંબંધિત ઓથોરિટી હેઠળ રજિસ્ટર્ડ છે. આ આદેશમાં કહેવાયું છે કે રજિસ્ટ્રેશન માટે પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ(ડીપીઆઈઆઈટી) તરફથી બનાવેલી રજિસ્ટ્રેશન કમિટીની પાસે જવું પડશે. જ્યારે રાજનીતિક અને સુરક્ષા હિતો સંલગ્ન ક્લિયરન્સ લેવા માટે વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયથી મંજુરી લેવી પડશે. આ આદેશ હેઠળ ખરીદ-વસ્તુ અને સેવાઓ(કન્સલટ્ન્સી સેવાઓ અને નોન-કન્સલટન્સી સેવાઓ સહિત) અને પ્રોજેક્ટ્સ પર લાગુ થશે. હા, એમાં ૩૧ ડિસેમ્બર સુધી કોવિડ-૧૯ સંલગ્ન મેડિકલ સપ્લાયની ખરીદી પર છૂટ આપવામાં આવી છે. સરકારનું કહેવું છે કે એક અલગ આદેશ હેઠળ ભારત એવા દેશોને પહેલાથી રજીસ્ટ્રેશનની શરતોમાં છૂટ આપશે, જેને તેણે લાઈન ઓફ ક્રેડિટ(સોફ્ટ લોન) આપી રાખ્યું છે કે પછી એવા દેશ.

# પોલીસની સામે જ અપહરણકારો ૩૦ લાખની ખંડણી વસૂલી ગયા, અને યુવકની હત્યા પણ કરી નાખી

**લખનૌ,**
કાનપુર પોલીસ ઉપર ફરીથી એકવાર સવાલ ઉઠવાના શરૂ થઈ ગયા છે. આ મામલો ૧૩ જુલાઈનો છે જ્યારે ગુમ થયેલા યુવકના પરિજનોએ પોલીસના કહેવા પર અપહરણકર્તાઓને પૈસા આપવાનો નિર્ણય કર્યો હતો. પોલીસને વિશ્વાસ હતો કે બદમાશોને તે પકડી લેશે. પરંતુ બદમાશો પોલીસની સામે જ ૩૦ લાખ રૂપિયાની ખંડણી લઈને રફૂચક્કર થઈ ગયા અને પોલીસ જોતી રહી ગઈ.

વાત જાણે એમ છે કે ગત ૨૨ જૂનના રોજ કાનપુરમાં એક યુવક ગુમ થઈ ગયો હતો. જેના લગભગ બે અઠવાડિયા બાદ પરિજનો પાસે સતત યુવકને છોડાવવા માટે ખંડણી વસૂલવા માટેનો ફોન આવતો હતો. જ્યારે સમગ્ર વારદાતની જાણકારી પોલીસને કરવામાં આવી તો તેમણે પરિજનોને ખંડણીની રકમ ભેગી કરીને આરોપીઓને આપવા માટે કહ્યું. પોલીસે પરિજનોને વિશ્વાસ અપાવ્યો કે ખંડણીની રકમ આપી દેવા દરમિયાન તેઓ અપરાધીઓને દબોચી લેશે. એકવાર યુવક હેમખેમ પાછો મળી જાય ત્યારબાદ પૈસા વસૂલ કરી લેવાશે.

ત્યારબાદ પરિજનોએ પોલીસની વાતો પર વિશ્વાસ કર્યો અને ૧૩ જુલાઈના રોજ અપહરણકર્તાઓએ જે જગ્યાએ પહોંચવાનું કહ્યું ત્યાં તેઓ ખંડણીની રકમ લઈને પહોંચી ગયા હતાં. પરંતુ બદમાશો એટલા ખૂંખાર અને ચાલાક નિકળ્યાં કે તેમણે પોલીસને પણ ચકમો આપી દીધો અને પૈસા ભરેલી બેગ લઈને રફૂચક્કર થઈ ગયા અને અપહત યુવકનો કોઈ અતોપત્તો પણ ન મળ્યો. આરોપ છે કે લાપત્તા યુવકના પિતા સાથે આરોપી લગભગ અડધો કલાક સુધી વાત કરતા રહ્યાં અને છતાં પોલીસ તેને પકડી શકી નહીં.

પોલીસના સમગ્ર પ્લાનિંગ પર પાણી ફેરવતા બદમાશો સામે આવ્યાં બાદ પણ ફરાર થઈ જવામાં સફળ રહ્યાં અને પોલીસ તાંકતી રહી ગઈ. આ સમગ્ર ઘટનાક્રમે પોલીસની કાર્યવાહી પર ફરીથી સવાલ ઊભા કર્યા છે.

કાનપુરના બર્રા વિસ્તારમાં રહેતો યુવક સંજીત યાદવ (૨૭) એક ખાનગી પેથોલોજી લેબમાં કામ કરતો હતો. ૨૨ જૂનના રોજ તે ઘરે પાછો ફર્યો નહીં તો પરિજનોએ તેને ખુબ શોધ્યો પરંતુ કોઈ ભાળ મળી નહીં. ત્યારબાદ પરિજનોએ પોલીસને જાણ કરી. પરંતુ પોલીસે ૨૩ જૂનના રોજ ગુમ થવા અંગેનો કેસ નોંધીને મામલો અટોપી લીધો. લગભગ બે અઠવાડિયા બાદ અપહરણકર્તાઓના ખંડણી માટે ફોન આવવા લાગ્યાં. પોલીસ તેમને ટ્રેક કરવામાં લાગી.

# કોરોના વધુ વકરે તો નવાઈ નહિ : વહીવટી તંત્ર કડકાઈ ભર્યું વલણ અપનાવે તે જરૂરી

## શીતળા સાતમ નિમિત્તે ભરૂચમાં પૂજા કરતી મહિલાઓ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ ભૂલ્યા

**(પ્રતિનિધિ) ભરૂચ,**
શ્રાવણ માસનો પ્રારંભ થતા જ ધાર્મિક તહેવારોની મૌસમ ખીલી ઉઠી છે અને તેમાં પણ ખાસ કરીને ધાર્મિક વિધિ કરવાની પરંપરા પણ રહેલી છે.ત્યારે તાજેતર માં ચાલી રહેલી કોરોનાની મહામારી થી સાવચેતીના ભાગરૂપે અને સંક્રમણ ને નાથવા સરકારે તમામ ધાર્મિક સ્થળો બંધ રાખવા સહીત ફરજીયાત માસ્ક પહેરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સ પણ જાળવવા નિર્ણય કર્યો હતો.ત્યારે આજે શીતળા સાતમ હોય જેથી શીતળા માતાની પૂજા અર્ચના કરતી વેળા મહિલાઓ માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ ભૂલ્યા હતા.ત્યારે લોકો દ્વારા સાવચેતીન રાખતા કોરોના નું સંક્રમણ વધુ ફેલાઈ રહ્યું છે.તો જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ કોઈ કડકાઈ ભર્યું વલણ ન અપનાવતા કોરોના નું સંક્રમણ દિવસે દિવસે વધી રહ્યું છે.

કોરોના વાયરસની મહામારીના કારણે ભરૂચમાં આવેલા મંદિરો ભક્તો માટે બંધ કરી દેવામાં આવ્યા છે.જેના પગલે આજે શ્રાવણી સાતમ એટલે શીતળા સાતમ ની સવાર થી જ મંદિરો ની બહાર મહિલાઓ શીતળા માતાની પૂજા કરવા માટે ઉમટી પડી હતી.ત્યારે ઝાડેશ્વર ખાતે આવેલ શીતળા માતાનું મંદિર પણ બંધ રાખવામાં આવ્યું હતું.જેથી મહિલાઓ દ્વારા મંદિર ની બહાર અને કેટલીક સોસાયટીના કોમન પ્લોટ માં શીતળા માતાની પૂજા કરવામાં આવી હતી.તો કેટલાક વિસ્તારોમાં મહિલાઓ ગોળ કુંડાળું કરી માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવીયા વિના જ પૂજા અર્ચના કરી રહી હોવાનું સામે આવ્યું હતુ.લોકો માં સાવચેતી ના અભાવે કોરોના નું સંક્રમણ આવનાર સમય માં વધુ ફેલાઈ તો જવાબદાર કોણ તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું હતું.ત્યારે હવે જીલ્લા વહીવટી તંત્રએ પણ કડકાઈ ભર્યું વલણ અપનાવાની જરૂર છે.જેથી વધતા જતા કોરોના ના સંક્રમણ ને અટકાવી શકાય.★

**પાપડ આત્મનિર્ભર અભિયાન અંતર્ગત બનાવાયા છે**

# કેન્દ્રીય મંત્રી મતે જાદુઈ પાપડ ખાવાથી કોરોના દૂર ભાગે છે

**નવી દિલ્હી,**
કોરોના સંકટ કાબૂમાં આવતું નથી ત્યારે કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે બ્રાન્ડેડ પાપડને માર્કેટમાં લોન્ચ કર્યા છે. તેઓ દાવો કરી રહ્યા છે કે આ પાપડ કોરોના વાયરસ સોમ લડવા માટે શરીરમાં એન્ટીબોડીઝ બનાવવા માટે સક્ષમ છે. સોશિયલ મીડિયા પર તેમનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર તેમનો આ વીડિયો શેર કરતાની સાથે જ વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તેઓ કહી રહ્યા છે કે આ પાપડને આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત બનાવવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ દાવો કરી રહ્યા છે કે આ પાપડ શરીરમાં કોરોના વાયરસને ડામવા માટેના એન્ટીબોડી વિકસાવવામાં મદદ કરે છે. વીડિયોમાં મેઘવાલે પાપડ ખાવાથી સ્વાસ્થ્યને થનારા લાભો વિશે દાવો કર્યો છે. કેન્દ્રીય મંત્રીએ ભાભી જી પાપડને લોન્ચ કરતા કહ્યું કે, આ જાદુઈ પાપડ કોરોના વાયરસ સામે લડવા માટે ઉપયોગી સાબિત થશે. જોકે, આવું કંઈ પહેલી વખત નથી બન્યું કે જ્યારે ભાજપના કોઈ નેતાએ કોરોનાને કાબુમાં લેવા માટે કોઈ અજીબોગરીબ સલાહ આપી હોય.

આ અગાઉ પશ્ચિમ બંગાળ ભાજપના પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષે કોરોના વાયરસ સામે બચવા માટે ગાયનું છાણ ખાવાની સલાહ આપી હતી. જેમની લોકોએ ખૂબ જ મજાક ઉડાવી હતી. આ ઉપરાંત કર્ણાટકના નેતા રવિચંદ્ર ગટ્ટીએ કોરોનાને ડામવા માટે એકવિચિત્ર સલાહ આપી હતી. તેમણે બે ઈંડાને ૯૦ મિલીલીટર રમની સાથે લેવાનું કહ્યું હતું.

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**જાહેર ચેતવણી**
આથી જાહેર જનતાને જણાવવાનુ કે, ધીમંતભાઈ અરવિંદભાઈ પટેલ કે જેઓ પાર્કવ્યૂ ઈન્ફ્રાસ્ટ્રકચરના ૧૪% ના ભાગીદાર હતા, તેમને તા. ૧૯-૦૨-૨૦૨૦ થી સ્વેચ્છાએ અમારી કંપનીમાંથી નિવૃત્તિ આપેલ છે. તેઓની સાથે અમારી કંપનીને કોઈપણ પ્રકારના કોઈ બાકી લેણાં કે બાકી દેવા નીકળતા નથી. જેથી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને ધીમંતભાઈ અરવિંદભાઈ પટેલ સાથે કોઈ પણ પ્રકારનુ લેણું હોય તો તે સાથે પાર્કવ્યૂ ઈન્ફ્રાસ્ટ્રકચરને કોઈ પણ પ્રકારે કોઈ પણ જાતનો સબંધ નથી તેની જાહેર જનતાએ નોંધ લેવી.
પાર્કવ્યૂ ઈન્ફ્રાસ્ટ્રકચર વતી
મિત્તલભાઈ પટેલ (M) 8200558868

**કબજા નોટીસ (સ્થાવર મિલ્કત) માટેની નિયમ-૮(૧)**
આઈઆઈએફએલ હોમ ફાઈનાન્સ લીમીટેડ (અગાઉ જાણીતી ઈન્ડીયા ઈન્ફોલાઈન હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ)ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારી સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અંતર્ગત અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૩ અને કલમ ૧૩(૧૨) અન્વયે મળેલી સત્તાની રૂએ નીચે દર્શાવેલા દેવાદાર- જામીનદારને સદર નોટિસ મળવાની તારીખથી ૬૦ દિવસની અંદર નોટિસમાં આપેલી અને નીચે મુજબની દર્શાવેલી રકમ ચૂકવવા ડિમાન્ટ નોટિસ પાઠવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ નીવડતા, દેવાદાર-જામીનદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકારીએ કાયદાની કલમ ૧૩(૪) અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ અન્વયે મળેલી સત્તાની રૂએ નીચે દર્શાવેલી મિલકતનો કબજો લીધો છે. આથી દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે કોઈએ સદર મિલકત સંદર્ભે કોઈ પણ લેવડ-દેવડ કરવી નહીં જો કોઈ વ્યક્તિ સદર મિલકત અંગે લેવડદેવડ કરશે તો તેણે અહીં દર્શાવેલી રકમ વ્યાજ સહિત IIHFLને ચૂકવવાની રહેશે. ઉધાર લેનારાઓ ધ્યાન આપે કે, એક્ટની કલમ ૧૩ના પેટા કલમ (૮)ની જોગવાઈઓ માટે અનુસંધાને જો ઉધાર લેનાર આઈએચએફએલની બાકી ચુકવણીઓને ચૂકતે કરે છે, જે તમામ ખર્ચાઓ, ચાર્જિસ ખર્ચ અને અન્ય ખર્ચ સાથે, કોઈ પણ સમયે નિયત તારીખ પહેલાં વેચાણ અથવા ટ્રાન્સફર માટે, સુરક્ષિત અસ્કયામતો આઈએચએફએલ દ્વારા વેચવામાં અથવા ટ્રાન્સફર કરવામાં આવશે નહીં અને સુરક્ષિત અસ્ક્યામતોના ટ્રાન્સફર અથવા વેચાણ માટે આઈઆઈએચએફએલ દ્વારા આગળ કોઈ પગલું લેવામાં આવશે નહીં.

| દેવાદારોનું નામ સુરત બ્રાંચ | સુરક્ષિત મિલ્કતનું વર્ણન (સ્થાવર મિલ્કત) | કુલ બાકી લેણાની રકમ રૂા. | ડીમાન્ડ નોટીસની તારીખ | કબજા નોટીસની તારીખ |
| --- | --- | --- | --- | --- |
| . દેવીસિંઘ નારાયણસિંઘ રાવત અને મતી. મીરા દેવીસિંઘ રાવત (Prospect No. 788326 | પ્લોટ નં.૧૫૫, આરાધના ડ્રીમ, વિભાગ-૨, બ્લોક નં.૧૬૪, મોજે : જોલવા, તાલુકા પલસાણા, જી. સુરત, ગુજરાતના બધા ભાગો સહિત | રૂ. ૧૩,૮૨,૬૭૨/- | ૨૬-ડીસે-૧૯ | ૨૩-જુલાઈ-૨૦ |

વધુ માહિતી માટે અધિકૃત અધિકારીની **બ્રાંચ ઓફિસ** : ૭૦૧, સાતમો માળ, ૨૧ સેન્ચ્યુરી બીઝનેસ સેન્ટર, ઉધના દરવાજા પાસે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨, અને/ અથવા **કોર્પોરેટ ઓફિસ** : પ્લોટ નં.૯૮, ફેસ-૪, ઉદ્યોગ વિહાર, ગુરગાંવ, હરીયાણા સંપર્ક કરવો.
સ્થળ: સુરત તારીખ: ૨૭-૦૭-૨૦૨૦ સહી/- અધિકૃત અધિકારી, આઇઆઇએફએલ હોમ ફાઇનાન્સ લીમીટેડ

**GUJARAT LEASE FINANCING LTD.**
**(CIN: L65990GJ1983PLC006345)**
**Regd. Office: 6th Floor, Hasubhai Chambers, Opp: Town Hall, Ellisbridge Ahmedabad-380 006.**
**Ph: 079-26575722, E-mail: glflho_ahm@yahoo.co.in, Website: www.gujaratleasefinancing.co.in**

**Audited Financial Results for the Quarter and Year ended on 31st March, 2020**
**(₹ in Lacs except per share data)**

| Sl. No. | Particulars | Quarter ended 31.03.2020 | Quarter ended 31.12.2019 | Quarter ended 31.03.2019 | Year ended 31.03.2020 | Year endad 31.03.2019 |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| | | (Audited) | (Un-audited) | (Audited) | (Audited) | (Audited) |
| 1. | Total Income | 56.63 | 25.11 | 1.13 | 96.06 | 24.44 |
| 2. | Net Profit/(Loss)for the period (before Tax and Extraordinary items) | 31.87 | 19.35 | (17.33) | 37.13 | (34.93) |
| 3. | Net Profit/(Loss)for the period (after Tax and Extraordinary items) | 31.87 | 19.35 | (20.80) | 37.20 | (38.40) |
| 4. | Total Comprehensive Income for the period (after tax) | (102.69) | 26.81 | 132.53 | (47.94) | 114.93 |
| 5. | Equity Share Capital | 2712.58 | 2712.58 | 2712.58 | 2712.58 | 2712.58 |
| 6. | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of the previous year) | | | | (3386.03) | (3338.09) |
| 7. | Earning Per Share (of ₹ 10/- each) Basic and Diluted | 0.12 | 0.07 | (0.08) | 0.14 | (0.14) |

**Notes:**
1. The above is an extract of the detailed financial results for the quarter and Year ended 31st March, 2020 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015. The full format of the same, along with the notes is available on the Stock Exchanges website at www.bseindia.com and www.nseindia.com and on company's website: www.gujaratleasefinancing.co.in.
2. The above results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on 25th July, 2020.

**For Gujarat Lease Financing Limited**
**Harnish Patel**
**Director-In-Charge**
**DIN: 00114198**

Place : Ahmedabad
Date : 25th July, 2020